# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/132 Dt. 12/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI રિલીફ ફંડમાંથી પંજાબના પૂરગ્રસ્તો માટે રૂપિયા ૧૨ લાખની કિંમતની ૭૦૦૦ સાડીઓ મોકલવામાં આવી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સમાજની સેવા માટે એક મહત્વપૂર્ણ માનવતાવાદી પગલું ભરવામાં આવ્યું છે. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રિલીફ ફંડમાંથી રૂપિયા ૧૨ લાખની કિંમતની ૭૦૦૦ સાડીઓ પંજાબના પુરગ્રસ્તો માટે મોકલવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, થોડા દિવસો પહેલા જ પંજાબમાં ભારે વરસાદ અને પૂરના કારણે અનેક ગામો અને શહેરોમાં તારાજી સર્જાઇ હતી. પૂરને કારણે હજારો પરિવારો ઘરો ગુમાવી બેઠા છે અને સ્થાનિક લોકો માટે ખોરાક અને કપડાંની ભારે ખોટ પડી છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પૂરગ્રસ્ત લોકો માટે તાત્કાલિક સહાયરૂપ પગલાં લેવાનું નકકી કરવામાં આવ્યું હતું.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રિલીફ ફંડમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા ચેમ્બરના પૂર્વ પ્રમુખો શ્રી રમેશ વઘાસિયા, શ્રી હિમાંશુ બોડાવાલા, શ્રી આશીષ ગુજરાતી, શ્રી દિનેશ નાવડિયા અને સીએ પી.એમ. શાહ, ટ્રસ્ટી તરીકે જવાબદારી સંભાળે છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રિલીફ ફંડમાંથી રૂપિયા ૧૨ લાખની કિંમતની ૭૦૦૦ સાડીઓ ગત રાત્રે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના માધ્યમથી પંજાબ મોકલવામાં આવી છે. ખાસ કરીને આ સાડીઓ મહિલાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મોકલવામાં આવી છે, જેનું વિતરણ સ્થાનિક સત્તાઓની મદદથી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં કરવામાં આવશે, જેથી પુરગ્રસ્ત પરિવારોને વહેલી તકે મદદ મળી શકે અને તેઓને રાહત મળી શકે.

SGCCI રિલીફ ફંડના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, અત્યારે દેશના કેટલાક ભાગો પૂર જેવી ભયંકર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે, ત્યારે સમાજના દરેક વ્યક્તિ અને સંસ્થા દ્વારા પૂરગ્રસ્ત લોકોની મદદે આવવાની જરૂર છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પંજાબના પૂરગ્રસ્તોને સાડીઓ મોકલવાનો એક નમ્ર પ્રયાસ છે. આ માનવતાવાદી પ્રયાસ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, ઉદ્યોગ જગત માત્ર ધંધા અને વ્યવસાયમાં જ નહીં, પણ સમાજસેવામાં પણ સહયોગ આપવા માટે જરૂરિયાતમંદોની વ્હારે આવે છે.